# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax :** (0261) 2227312 | ફેક્સ : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram :**VNSGU | તાર : વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી**
**ફકત સભ્યોની જાણ માટે**

**સિન્ડિકેટની તાકીદની સભા**
**તા. ૧૮–૧૧–૨૦૦૫**

સિન્ડિકેટની તાકીદની સભા શુક્રવાર, તા. ૧૮–૧૧–૨૦૦૫ ના રોજ બપોરે ૩–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: કાર્યવાહી :–

| **ક્રમ** | | **તા. ૧૮–૧૧–૨૦૦૫** |
|---|---|---|
| ૧. | ડો. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭. | આચાર્ય ર્ડા.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ડો.પંકજ કાન્તીલાલ હીરાધર | ગેરહાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨. | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | ગેરહાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડો.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬. | –ખાલી– | – |
| ૧૭. | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | ગેરહાજર |
| ૧૮. | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯. | શ્રીમતી સાધના ભંડારી | હાજર |
| ૨૦. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાં નીચેનો શોક દર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેને સભાગૃહે બે મિનિટનું મૌન પાળી પસાર કર્યો હતો.

**–: શોક દર્શક ઠરાવ :–**

**૧. સ્વ. કે.આર. નારાયણ**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ભારતનાં ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ સ્વ. કે.આર. નારાયણનું લાંબી માંદગી બાદ તા. ૯–૧૧–૨૦૦૫નાં રોજ થયેલ દુઃ ખદ અવસાન બદલ શોકની લાગણી વ્યક્ત કરે છે.

*૧.* યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી તેમજ અન્ય કામગીરી માટે ભાડે વાહનો (રેટ કોન્ટ્રાકટ) થી કરવા અંગે મળેલ ટેન્ડરોની કુલ બે પાર્ટીઓનું તુલનાત્મક પત્રક આ સાથે સામેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ટેન્ડર ભરનાર બંને પાર્ટીઓને સિન્ડિકેટ સમક્ષ બોલાવી લાંબી ચર્ચાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબની શરતોને આધિન પરીક્ષા તેમજ અન્ય કામગીરી માટે ભાડેના વાહનો રેટ કોન્ટ્રાકટથી મેસર્સ સાંઈરથ ટ્રાવેલ્સ, સુરત પાસેથી ભાડે લેવાનું ઠરાવ્યું છે. પ્રસ્તુત કોન્ટ્રાકટનો અમલ તા. ૩૧–૧૨–૨૦૦૬ સુધી કરવો.

**શરતોઃ**

૧. બારડોલી, નવસારી અને કામરેજ તથા ઓલપાડને લોકલ એરીયા ગણવા અને ૧૦૦ કિ.મી.ની મર્યાદામાં ગણવું.

૨. લોકલ સિવાય બહાર ગામ માટે ઓછામાં ઓછા ૨૫૦ કિ.મી. એક દિવસના ગણવા.

૩. ૨૪ કલાકનો (એકસરખો) કોમન દર ગણવો. જે રેટ નકકી કરેલ છે તે ૨૪ કલાકનો કોમન રહેશે. (વેઈટીગ ચાર્જ કોઈ આપવામાં આવશે નહી)

૪. ટોલ ટેક્ષ પાર્ટીએ ભરવાનો રહેશે.

૫. સર્વિસ ટેક્ષ યુનિવર્સિટીએ ભરવાનો રહેશે.

૬. લોકલ કાર્યક્રમ ૬ કલાક પહેલાં પૂરો થાય તો ગાડી બાકીનાં સમય માટે યુનિવર્સિટી ખાતે અન્ય કામો માટે રાખવી.

૭. વાહન કોન્ટ્રાકટરે યુનિવર્સિટીનાં કામ માટે મોકલાવેલ ગાડીનાં નંબર, ડ્રાયવરનું નામ, મોકલવાનું સ્થળ, ડ્રાયવરનો મોબાઈલ નંબર (હોય તો) યુનિવર્સિટી નકકી કરે તે અધિકારીને ફોનથી તથા પત્રથી જાણ કરવાની રહેશે.

**સૌથી ઓછા ભાવો ભરનાર પાર્ટી સાંઈરથ, સુરતને નીચે મુજબના ભાવથી (કોમન રેટ) ભાડે રાખવા મંજૂર કરવામાં આવે છેઃ**

| | વાહનનો પ્રકાર | સાંઈરથ ટ્રાવેલ્સ | | |
|---|---|---|---|---|
| | | ગેસ<br>રૂા. પૈસા | ડિઝલ<br>રૂા. પૈસા | પેટ્રોલ<br>રૂા. પૈસા |
| ૧ | ઈન્ડિકા<br>અ) એ.સી. સાથે | – | ૫ = ૫૦ | ૬ = ૦૦ |
| | બ) એ.સી. વગર | – | ૫ = ૨૫ | ૫ = ૭૫ |
| ૨ | મારૂતિ–૧૦૦૦<br>એસ્ટિમ/ સીએલો/ સુમો/ આર્મડા<br>અ) એ.સી. સાથે | ૫ = ૨૫ | ૫ = ૯૦ | ૬ = ૪૦ |
| | બ) એ.સી. વગર | ૫ = ૦૦ | ૫ = ૪૦ | ૫ = ૯૦ |
| ૩ | કવોલીસ, સ્કોરપીઓ<br>અ) એ.સી. સાથે | – | ૬ = ૪૦ | – |
| | બ) એ.સી. વગર | – | ૫ = ૯૦ | – |
| ૪ | બંધ બોડીની ગાડી<br>(મારૂતિ/ જિપ્સી/ સુમો/ મહિન્દ્રા, ટ્રેકસ/ આર્મડા) | – | ૫ = ૫૦ | – |
| ૫ | મેટાડોર બંધ બોડી | – | ૫ = ૪૦ | – |
| ૬ | મારૂતિ વાન | ૫ = ૨૫ | – | ૬ = ૩૦ |
| ૭ | બંધ બોડીનો ટેમ્પો | – | ૬ = ૦૦ | – |
| ૮ | બંધ બોડીનો ટાટા ટેમ્પો | – | ૬ = ૦૦ | – |
| ૯ | બંધ બોડીનો કેન્ટર ટેમ્પો | – | ૬ = ૦૦ | – |

ગેસના વાહનો માટે ભાવ નકકી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૨. યુનિવર્સિટીનાં કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે રૂા. ૬,૨૩,૩૦૦/– ની મર્યાદામાં ૨૩ નંગ કોમ્પ્યુટરો આઈબીએમ મેકનાં સ્પેસીફીકેશન પ્રમાણે ડીએસટી તરફથી ફિસ્ટ પ્રોગ્રામ હેઠળ મળેલ રૂપિયા આઠ લાખ ગ્રાન્ટમાંથી ખરીદવાના છે. પ્રસ્તુત કોમ્પ્યુટરો, યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં કોમ્પ્યુટર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનાં ઓછા ભાવ મે. ઈનોવેટીવ ટેલીકોમ એન્ડ સોફટવેર્સ પ્રા.લિ. સુરતના ભાવ નાણાં સમિતિએ તા. ૫–૩–૨૦૦૫નાં ઠરાવ નં. ૬ અન્વયે કરેલ ભલામણ મુજબ રીપીટ ઓર્ડરથી રૂા. ૨૭,૧૦૦/– પ્રતિ એક કોમ્પ્યુટરના ભાવે મે. ઈનોવેટીવ ટેલીકોમ એન્ડ સોફટવેર્સ પ્રા.લી. સુરત પાસે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. પ્રસ્તુત પાર્ટીએ રૂા. ૨૭,૧૦૦/– ભાવે કોમ્પ્યુટર સપ્લાય કરવાની બાંહેધરીપત્ર આપેલ છે.

(કેમેસ્ટ્રી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગ માટે **IBM** કંપનીના મે. ઈનોવેટીવ ટેલીકોમ એન્ડ સોફટવેર્સ પ્રા.લી. સુરત પાસેથી કોમ્પ્યુટર ખરીદવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે અને વધુમાં જો ભાવ ઘટયા હોય તો તે માટે ચર્ચા કરી ભાવ ઘટાડવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩. યુનિવર્સિટીના કામ માટે આવતા આચાર્યો, અધ્યાપકો, તજજ્ઞો, અધિકારમંડળના સભ્યો, અધિકારીઓ, જો તેઓ ફોર વ્હીલ (વાહન) યુનિવર્સિટી કાર્યાલય પર લાવે અથવા અન્ય સ્થળે યુનિવર્સિટીના કામે લઈ જાય તો તેઓને ગુજરાત સરકારના નાણાંવિભાગના ઠરાવ ક્રમાંક મસ / ૧૦૨૦૦૪ / ૧૦૩૩ / ચ તા. ૧૬–૧૨–૨૦૦૪ના ઠરાવ મુજબનું ભાડું આપવા માટે નાણાંસમિતિની તા. ૧૪–૯–૨૦૦૫ની સભાના ઠરાવ નં.– ૬ થી ભલામણ કરવામાં આવી છે તેના પર વિચારણા કરવા બાબત.

(૧) પેટ્રોલની ગાડી માટે રૂા. ૫/– પ્રતિ કિ.મી.

(૨) ડીઝલની ગાડી માટે રૂા. ૪/– પ્રતિ કિ.મી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા. ૧૪–૯–૨૦૦૫ની સભાના ઠરાવ નં.– ૬ થી કરાયેલ ઉપરોકત ભલામણનો સ્વીકાર કરવો અને તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવી.

**ઈ.ચા. કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૧૧૬૮૭/ ૦૫
તા. ૨–૧૨–૨૦૦૫.

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.......